**આઇએએસ કક્ષાનાં અધિકારીઓ નિમાયા છતાં ટીએસપીના કામોમાં જંગી પ્રમાણમાં ભ્રષ્ટાચાર થાય એ અધિકારીઓની રહેમ નજર વિના શક્ય નથી**

# બોરવેલના કામમાં ભ્રષ્ટાચારીઓ પર સકંજો કસવામાં વિલંબ!

**» ટીએસપીના આદિ આદર્શની યોજનામાં ટેન્ડર વગર કામોની ફાળવણી અને નાણાંની ખોટી રીતે ચુકવણી બદલ સિંચાઇનાં બે અધિકારીઓને ચાર્જશીટ » ડી-ગ્રેડની પણ કાર્યવાહી પરંતુ ટીએસપીના બોરવેલના કામોમાં ગેરરીતિઓ આચારનાર ટીડીઓ સામે કેમ નહીં?**



## PMનાં એફઆરએનું પીએમ

વ્યારા : તાપી જિલ્લામાં ટીએસપીના પ્રધાનમંત્રી વન અધિકાર ખેડૂત યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગતનાં એફઆરએ તેમજ નાની સિંચાઈનાં બોરવેલનાં કરોડોનાં કામોમાં એકજ પ્રકારની વહિવટી છતાં જુદી જુદી તાલુકા પંચાયતોનાં ટીડીઓ દ્વારા મનસ્વી રીતે કામો કરાવી, નાણાં ચૂકવવા મામલે આચરાઇ રહેલી ગેરરીતિઓમાં જંગી પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો અને હાલ પણ થઈ રહ્યો છે ત્યારે કચેરીનાં ઉચ્ચ અધિકારીઓની રહેમ નજર વિના આવી મોટાપાયે ગેરરિતી શક્ય નથી. જોકે, થોભો અને રાહ જુઓની નિતિ અપનાવતા આ ઉચ્ચ અધિકારીઓ સામે પણ તવાઈ આવશે. એવી ચર્ચા પણ ચાલી રહી છે. ટીએસપીનાં બોરવેલનાં કામોમાં ટેન્ડરથી લઈને કામોની ફાળવણી સુધીની ગેરરીતિઓ અંગે કોઈ તપાસ કે જવાબદારો સામે પગલાં ભરાતા ન હોય ત્યારે એ પણ જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓની સંડોવણીની આશંકા ઉભી કરે છે. કહેવાય છે કે જે કોન્ટ્રાક્ટરોએ જે રીતે આદિ આદર્શની પીવાનાં પાણીની મીની ટાંકી યોજનામાં ભ્રષ્ટાચાર મામલે અધિકારીઓ પર સકંજો કસાઈ રહ્યો છે તેવી જ કાર્યવાહી ટીએસપીનાં બોરવેલનાં કામોમાં સરકારી કક્ષાએથી થાય તેવી શક્યતા છે. જોકે, લોભિયા હોય ત્યાં ધુતારાઓ ભુખ્યા ન મરે, આવી જ દુર્દશા ટીએસપીના કામોમાં ગેરરીતિઓ આચરનાર અધિકારીઓની છે. જોકે આદિ આદર્શની યોજનામાં ગેરરીતિઓ આચરનાર પૈકીનાં કેટલાક કોન્ટ્રાક્ટરોને આ ટીએસપીના બોરવેલના કામો પણ વગર ટેન્ડરે આપી દેવામાં આવ્યાં છે.



ટીએસપીના આદિ આદર્શની યોજનામાં ટેન્ડર વગર કામોની ફાળવણી અને નાણાંની ખોટી ચુકવણી બદલ પંચાયત સિંચાઈ વિભાગનાં બે અધિકારીઓને ચાર્જશીટ આપવામાં આવી છે.

અમુકને ડીગ્રેડ પણ કરાયાં, પરંતુ કેટલાંક ટીડીઓની આવી જ ગેરરીતિઓ બોરવેલ અને મીની ટાંકીનાં કામોમાં સામે આવી પણ એમની સામે આવી કોઇ કાર્યવાહી કરાતી નથી. તટસ્થ કાર્યવાહી મામલે પણ અહીં વ્હાલા દવલાની નીતિને લઈ સમગ્ર મામલો શંકા ઉપજાવનારો બન્યો છે. આદિ આદર્શની યોજનામાં ગેરરીતિઓ આચરનાર કોન્ટ્રાક્ટરો- એજન્સીઓ સાથે મળીને ટીએસપીના બોરવેલનાં કામોમાં વ્યાપક ભ્રષ્ટાચારની ખાણમાં કેટલાંક અધિકારીએ પોતાની સત્તાનો દુરૂપયોગ કરી અઢળક કમાણી કરી રહ્યા છે. જોકે, તેઓની સંપત્તિ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ થાય તો ભ્રષ્ટ અધિકારીઓની કોન્ટ્રાક્ટરોને છાવરવાની પડદા પાછળની સાજીશ ખુલ્લી પડી જાય.

ટીએસપીના બોરવેલનાં કામોમાં ગેરરીતિઓ આચરનાર કોન્ટ્રાક્ટરો અધિકારી સાથે ફરતાં જોવા મળે છે, કચેરીએ આટાંફેરા મારી રહ્યા છે. જાણે ટીએસપીના કામોમાં છુપી પાર્ટનરશીપ હોય, જો કચેરીનાં સીસીટીવી કેમેરા તપાસવામાં આવે તો અધિકારીઓની સાંઠગાંઠનાં ભોપાળા પણ બહાર આવી જાય, ત્યારે આવનારા સમયમાં ભ્રષ્ટાચાર નિવારણ શાખા આંખ લાલ કરશે જ અને આવાં ભ્રષ્ટાચારીઓ ખુલ્લા પડશે જ, તેમાં શંકાનું કોઈ સ્થાન નથી.

### નાનાં કર્મચારીઓ સુધી કાર્યવાહી સીમિત બનતા ભ્રષ્ટાચાર અટકવાનું નામ લેતું નથી

વ્યારા: તાપી જિલ્લામાં અધિકારીઓને એવો ભ્રમ ઘુસી ગયો છે કે, ગમે તેવાં કૌભાંડમાં કોન્ટ્રાક્ટરોની સંડોવણી બહાર આવે પણ આપડું કશું ઉખડવાનું નથી. તેવી નીતિરીતિઓ પણ હવે આ ભ્રષ્ટ અધિકારીઓ સારી રીતે પારખી ગયા છે એટલે ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર અને દાદાગીરીથી કોન્ટ્રાક્ટરોને બચાવવા તપાસનું ફીંડલુ વાળીને બેઠાં છે. તેઓ જાણે છે કે ગમે તેટલા કૌભાંડ આચરો, નાનાં કર્મચારીઓ ઘરે બેસી જશે, પણ આપણું કાંઇ થવાનું નથી. ઉચ્ચ અધિકારીઓનાં હાથા બનેલા પંચાયતના બેથી ત્રણ તલાટીઓ, ચાર જેટલા એસઓ હાલ આવી જ ગેરરિતી મામલે સસ્પેન્ડ થઇને ઘરે બેઠા છે. પણ કોન્ટ્રાક્ટરો કે ગેરરિતી આચનાર અધિકારી- કર્મચારીઓ પર કોઇ ગાજ વરસતી નથી. કોઇ પણ ચમરબંધીને છોડવામાં આવશે નહીં, તેમ કહી જવાબદારો સામે કડક કાર્યવાહીના આદેશ તો થાય છે. પણ નક્કર કાર્યવાહી ટીએસપી સહિતના કૌભાંડમાં નાનાં કર્મચારીઓ સુધી સીમિત બની હોય ભ્રષ્ટાચાર અટકવાનું નામ લેતું નથી.

### તાલુકા પંચાયત કચેરીઓ અમને જવાબ આપતી નથી

તાલુકા પંચાયત કચેરીઓ અમને પત્ર અને પ્રેસ કટીંગોનો જવાબ આપતી નથી. જવાબ આવે, અને કામોમાં ગેરરિતી ધ્યાને આવે તો આગળની કાર્યવાહી નક્કી કરી શકાય.

- ચીટનીશ, પ્રાયોજના વહિવટદારની કચેરી, સોનગઢ

## આમોદમાં બાળકીને તરછોડવાની ઘટનામાં બનેવીએ સગીર સાળીને ગર્ભવતી બનાવ્યાનો ઘટસ્ફોટ

**સગા** બનેવીએ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું, પાપ છૂપાવવા સગીર સાળીએ બાળકીને જન્મ આપ્યા બાદ ત્યજી દીધી હતી

**સીસીટીવી** ફૂટેજ સહિતનું વર્કઆઉટ કરી પોલીસે ગુનાનો ભેદ ઉકેલી બનેવીની ધરપકડ કરી લીધી

ભરૂચ: આમોદ નગરના દરબારગઢ વિસ્તારમાં એક નવજાત બાળકી લોહીલુહાણ હાલતમાં મળી આવ્યાની ઘટનામાં, સગા બનેવીએ જ સગીરા પર વારંવાર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આમોદ પોલીસે સગીરાના બનેવીની ધરપકડ કરી લીધી છે.

આમોદ નગરમાં 4થી ઓગસ્ટ સોમવારે બપોરના સમયે દરબારગઢ વિસ્તારમાં મકાનની પાછળની ગલીમાં લોહીલુહાણ હાલતમાં નવજાત બાળકી મળી આવી હતી. કોઈ અજાણી વ્યક્તિ તે બાળકીને ત્યાં મૂકીને ફરાર થઈ હોવાની જાણ ત્યાં રહેતા ભાડુઆતોએ મકાનમાલિક તથા આસપાસના રહીશોને કરી હતી.

આમોદ પોલીસે બાળકીનો કબ્જો મેળવી આમોદ આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે ખસેડી હતી. બાળકીની હાલત નાજુક જણાતા તાત્કાલિક ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પોલીસે તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને સ્થાનિક આરોગ્ય કેન્દ્રો તથા દવાખાનાઓમાં પૂછપરછ અને તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બાળકીને જન્મ આપનાર તેની માતા સગીરા છે.

પોલીસે સગીરા માતાને શોધી કાઢી હતી. સગીરાની તબિયત લથડી હોવાથી તેને પણ તાત્કાલિક સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પોલીસે સગીરાનું નિવેદન લેતા ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો કે તેની બહેનના પતિ એટલે તેના બનેવીએ જ તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી હતી.

સગીરાએ બાળકીને જન્મ આપ્યો હતો અને દુષ્કર્મ છુપાવવાના ઇરાદે બાળકીને અનાથ જેવી હાલતમાં ત્યજી દેવામાં આવી હતી. હાલ બાળકી તથા સગીરા બંનેની તબિયત હાલ સ્થિર છે. આમોદ પોલીસે નરાધમ બનેવીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણા નજીક ડ્રાઈવરનું છાતીમાં દુ:ખાવા બાદ મોત

પલસાણા: સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં એક ડ્રાઈવરનું અચાનક મોતનો થવાનો બનાવ સામે આવ્યો છે. મહારાષ્ટ્રના પાલઘરના વતની 38 વર્ષીય સંતોષ ચૈત્યા કાન્હાતનું પલસાણા ઈટાળવા ગામની સીમમાં આવેલી 'મિડ નાઇટ' હોટેલ નજીક અચાનક શ્વાસ લેવામાં તકલીફ અને છાતીમાં દુખાવાને કારણે મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના 7 ઓગસ્ટના રોજ રાત્રે 11 વાગ્યાના અરસામાં ડ્રાઇવર સંતોષ ચૈત્યા કાન્હાતને અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો અને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. આ સમયે તેમની સાથે રહેલા તેમના મિત્ર અનિલભાઈ રમેશભાઈ હડલ સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે સંતોષ કાન્હાતને તપાસી મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે અનિલભાઈ હડલે પલસાણા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે આ મામલે અ.મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરની સોસાયટીમાંથી ગાંજાના જથ્થા સાથે મહિલાની ધરપકડ

અંકલેશ્વર : અંકલેશ્વરના સારંગપુર ગામ પાસેની મંગલદીપ સોસાયટીમાંથી જીઆઇડીસી પોલીસે ગાંજાના જથ્થા સાથે મહિલાની ધરપકડ કરી રૂપિયા ૧૫ હજાર ઉપરાંતનો ગાંજાનો જથ્થો કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી. અંકલેશ્વર જીઆઇડીસી પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમ્યાન સારંગપુર ગામની મંગલદીપ સોસાયટીમાં રહેતી ગુલશનદેવી મંડલ ગલ્લામાં ગાંજાનું છૂટક વેચાણ કરી રહી હોવાની માહિતી મળી હતી, જે માહિતીના આધારે પોલીસે રેડ કરી ઘરમાં તપાસ કરતા રસોડામાં સંતાડેલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગુલશન દેવીની ધરપકડ કરીને પૂછપરછ શરૂ કરતા ગાંજાનો જથ્થો સુરત કાલુ નામના ઈસમ પાસેથી લાવી વેચાણ કરતી હોવાનુ જાણવા મળ્યું હતું. પોલીસે રૂપિયા 15420ની કિંમતનો ગાંજાનો જથ્થો તેમજ બે મોબાઇલ મળી કુલ રૂપિયા 18900નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### નંદુરબાર-બોરીવલી એક્સપ્રેસમાંથી પડી જતાં મઢીના આધેડનું મોત

બારડોલી: બારડોલી તાલુકાના મઢી ગામની સીમમાંથી પસાર થતી તાપ્તી રેલવે લાઇન પર ચાલુ ટ્રેનમાંથી પડી જતાં મઢીના એક 63 વર્ષીય આધેડનું મોત થયું છે. ગત 7મી તારીખે સાંજના સમયે નંદુરબાર-બોરીવલી એક્સપ્રેસ (ટ્રેન નંબર 19426) મઢી સ્ટેશન તરફ આવી રહી હતી. આ ટ્રેન મઢી રેલવે સ્ટેશનની લૂપ લાઇન નંબર 1 પર પહોંચી ત્યારે મઢીના બાપુ નગરમાં રહેતા નરેશ સકારલાલ શાહ અચાનક ટ્રેનમાંથી નીચે પડી ગયા હતા. ટ્રેનની નીચે આવી જવાથી તેમનું પેટના ભાગેથી કપાઈ જવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. આ અકસ્માત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. રેલવે પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

### તાતીથૈયામાં નશાકારક કેપશ્યુલનું વેચાણ કરનાર મેડિકલ વિક્રેતા ઝડપાયો



ઇલ્યાસ શેખ

પલસાણા : સુરત જિલ્લા એસ.ઓ.જી. પોલીસે કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારના તાતીથૈયા ગામમાં આવેલા રામદેવ મેડિકલ અને જનરલ સ્ટોરમાંથી નશાકારક કેપ્સ્યુલનું વેચાણ કરતા એક વ્યક્તિને પકડી પાડ્યો છે. એસ.ઓ.જી. પોલીસ સ્ટાફ કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. એ.એસ.આઈ. ભુપેન્દ્રભાઈ અંબિકાપ્રસાદ અને એ.એસ.આઈ. રાજેન્દ્રભાઈ બંસીલાલને મળેલી બાતમીના આધારે, એસ.ઓ.જી. પોલીસે ડ્રગ્સ ઇન્સ્પેક્ટર સૌમિલ પટેલ સાથે મળીને રામદેવ મેડિકલ અને જનરલ સ્ટોર પર દરોડો પાડ્યો હતો. સ્ટોરના સંચાલક શ્રવણલાલ દયારામ તૈલી (ઉંમર ૨૫)ને ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર નશાકારક ટ્રામાડોલ કેપ્સ્યુલનું વેચાણ કરતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે રૂપિયા 960 ની કિંમતના 12 ટ્રામાડોલ કેપ્સ્યુલના પત્તા જપ્ત કર્યા છે. આ મામલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જો ગેરકાયદેસર પ્રવૃત્તિ જણાશે તો ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ અને નિયમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# ભરૂચમાં વિદ્યુત કામદાર સંઘનો યુવરાજસિંહ સામે ઉગ્રવિરોધ, ફોજદારી નોંધવા માંગ

**યુવરાજસિંહે** ભરતી પ્રક્રિયા બદલ કરેલા આક્ષેપોને પાયાવિહીન ગણાવી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



ભરૂચ: ગુજરાતમાં વ્હીસલ બ્લોઅર તરીકે જાણીતા થયેલા યુવરાજસિંહ જાડેજાએ તાજેતરમાં યોજેલી પત્રકાર પરિષદમાં આક્ષેપ કર્યો હતો કે, ઊર્જા વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (જેટકો) કંપનીમાં પ્લાન્ટ એટેન્ડન્ટ ગ્રેડ-1 કક્ષાની ભરતી પ્રક્રિયા દરમ્યાન તાત્કાલિક ઈન્ચાર્જ જનરલ મેનેજર તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓએ અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ સાથે કથિત મિલીભગત કરી ગેરરીતિઓ આચરી છે. આ મિલીભગતના કારણે ભરતીમાં પારદર્શિતાનો અભાવ રહ્યો છે અને પાત્ર ઉમેદવારો સાથે ન્યાય થયો નથી.

આ ગંભીર આક્ષેપો બાદ વિદ્યુત કામદાર સંઘ-ભરૂચ દ્વારા આજે 8મી ઓગષ્ટના રોજ વિરોધ વ્યક્ત કરાયો હતો. સંઘના સેક્રેટરી જનરલ ચિરાગ જે. શાહના નેતૃત્વમાં સંઘના પ્રતિનિધિમંડળે ભરૂચ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું કે, યુવરાજસિંહે પુરાવા વિના ખોટા આરોપો લગાવી 35,000થી વધુ કર્મચારીઓના સંગઠનને નિશાન બનાવ્યું છે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે, આવા આક્ષેપો માત્ર સંગઠનની છબી ખરાબ કરવા અને 'બ્લેકમેલિંગ'ના પ્રયાસ તરીકે કરવામાં આવી રહ્યા છે. સંઘના પ્રતિનિધિઓએ સ્પષ્ટ કર્યું કે તેઓ ભરતી પ્રક્રિયા પારદર્શક રીતે થવાની પૂરી ખાતરી રાખે છે અને આક્ષેપોમાં કોઈ વાસ્તવિકતા નથી. "એક વ્યક્તિ દ્વારા પોતાના વ્યક્તિગત એજન્ડા માટે વિદ્યુત કર્મચારીઓના સંગઠન પર ખોટા આરોપ લગાવવાની પ્રવૃત્તિ સ્વીકાર્ય નથી." ચિરાગ શાહે વધુમાં જણાવ્યું કે સંઘે રાજ્ય સરકારને માંગ કરી છે કે યુવરાજસિંહ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી હાથ ધરી તાત્કાલિક પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે અને ગુનો નોંધી સખ્ત પગલાં લેવાય, જેથી ભવિષ્યમાં કોઈપણ વ્યક્તિ પુરાવા વિના આક્ષેપો કરવાની હિંમત ન કરે.

## અંકલેશ્વરમાં પશુ ચોરીનો રીઢો આરોપી પકડાયો

અંકલેશ્વર, ભરૂચ : ભરૂચ એલસીબી પોલીસે વોચ ગોઠવી પશુ ચોરીના ગુનામા સંડોવાયેલ માંગરોલના ખાનદાન ફળિયામાં રહેતો વિલાલ હાજી સિંધીને ઝડપી પાડ્યો હતો. ભરૂચ એલસીબીને બાતમી મળી હતી કે વાલિયા, અંકલેશ્વર સહિતના પોલીસ મથકના પશુ ચોરીના ગુનામાં સંડોવાયેલો આરોપી સુરતના માંગરોલ ખાતે તેના મામાના ઘરે આવ્યો છે. જે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી માંગરોલના ખાનદાન ફળિયામાં રહેતો વિલાલ હાજી સિંધીને ઝડપી પાડ્યો હતો.

## પલસાણા પાસે માર્ગ અકસ્માતમાં આધેડનું મોત

પલસાણા : પ્રાપ્ત માહિતી અનુસાર, ગત 6 ઓગસ્ટના રોજ એક અજાણ્યા વાહન ચાલકે બેદરકારીભરી રીતે પોતાનું વાહન હંકારીને આગળ ચાલી રહેલા પ્રકાશભાઈને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે પ્રકાશભાઈ રોડ પર પડી ગયા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જીને વાહન ચાલક ઘટનાસ્થળેથી પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતાં તાત્કાલિક પ્રકાશભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ અંગે મૃતકની પત્ની જ્યોતિબેન પ્રકાશભાઈ મયરાલેએ કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નવીપારડી પાસે બસના ચાલકનું ટેમ્પો અને ટ્રકની વચ્ચે દબાઈ જતાં મોત

**બસનો** સાઈડનો કાચ ટેમ્પા ચાલકે તોડી નાંખતા બસ ચાલક ટેમ્પા પાસે જતાં ઘટના બની

કામરેજ : નવીપારડી પાસે હાઈવે પર એસ.ટી બસનો સાઈડનો કાચ ટેમ્પા ચાલકે અથડાવી તોડી નાંખ્યો હતો. જેના પગલે બસનો ડ્રાઈવર ટેમ્પા પાસે જતાં ટેમ્પા અને ટ્રક વચ્ચે આવી જતાં ચાલકનું મોત નિપજ્યુ હતું.

દાહોદના કરંબા ગામે રહીને જી.એસ. આર.ટી.સી વડોદરાના બોડેલી ડેપોમાં કન્ડકટર તરીકે જવીર સુનિલ વસોનીયા નોકરી કરે છે. ગુરુવારે બસ નંબર જીજે 18 ઝેડટી 0238 ના ડ્રાઈવર ભાવેશ રાવલ


વિશાલ પટેલ

(રહે. શ્રીજી દર્શન એપાર્ટમેન્ટ,ગોધરા રોડ, હાલોલ) સાથે બોડેલીથી મુસાફરો લઈને સુરત આવ્યા હતા. બાદમાં સુરતથી રાત્રે બોડેલી જઈ રહ્યા હતાં. ત્યારે રાત્રે કામરેજ તાલુકાના નવીપારડી ગામની હદમાં હાઈવે પર ટ્રાફિક હોવાથી બસ વચ્ચેના ટ્રેકમાં જઈ રહી હતી ત્યારે આઈસર ટેમ્પા નંબર જીજે 01 ડીઝેડ 1588 ના ચાલકે એસ.ટીનો સાઈડનો કાચ ટેમ્પા ચાલકે તોડી નાંખતા બસના ચાલકે બસ સાઈડમાં લઈ ટેમ્પા ચાલક પાસે જતાં ટેમ્પાના ચાલકે ગફલત ભરી રીતે હંકારી લાવી બસના ડ્રાઈવરને અડફેટે લઈને ટાટા ટ્રક નંબર જીજે 31 ટી 2236 માં અથડાવી દેતાં ટેમ્પા અને ટ્રક વચ્ચે બસનો ડ્રાઈવર દબાઈ જતાં સારવાર માટે કામરેજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લાવતા મૃત જાહેર કરી કામરેજ પોલીસને જાણ પોલીસે ટેમ્પા ચાલક સામે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે ટેમ્પો ચાલક ફરાર થઈ ગયો હતો. આ ઘટના બાદ મરનાર બસ ડ્રાઈવરનો મૃતદેહ પોતાના વતન લઈ જવામાં આવ્યો હતો.


**એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે**

**૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં સોલાર પ્રોજેક્ટ માટે**

**ડોલવણ:- ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર, પાટી, પાઠકવાડી, સિંધાઈ (૨૨ થી ૨૫ વીંઘા)**

**અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.**

**મોબાઈલ નંબર: ૯૭૧૨૩ ૯૯૫૧૬**


**:: જાહેર નોટીસ ::**

**આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત કામના અરજદાર કલાબેન દિપકભાઈ પટેલ ના પતિ નામે દિપકભાઈ ખંડુભાઈ પટેલ તા.૦૧/૦૪/૨૦૧૮ ના રોજ લસણપોર મુકામેથી ગુમ થયેલ છે. જેની શોધખોળ કરતા તેઓ મળી આવેલ નથી હમો અરજદારે ઘણી શોધખોળ કરતા આજદિન સુધી મળી આવેલ નથી. જેથી હમોએ મહુવા પોલીસ સ્ટેશનમાં ગુમ થયા બાબતની અરજી આપેલ તેમાં મહુવા પોલીસ સ્ટેશને જણાવેલ કે આજદિન સુધી મળી આવેલ નથી.**

**આ નોટીસથી જણાવવાનું કે જે કોઈને ઉપરોક્ત નામવાળી વ્યક્તિને મરણ જાહેર કરવા માટે હમો અરજદાર મહુવા કોર્ટમાં દાવો દાખલ કરનાર છે જેથી પેપર નોટીસની જરૂરીયાત હોય હાલની આ નોટીસ આપેલ છે.**

**સ્થળ : મહુવા**
**તારીખ : ૦૯/૦૭/૨૦૨૫**

કલાબેન દિપકભાઈ પટેલ
**અરજદારની સહી**

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે **મોજે.મોરથાણા, તા.કામરેજ, જી. સુરતના ખાતા નં.૮૮૭, જુનો બ્લોક નં.૧૨૪/બ, રી-સર્વે બાદ નવો બ્લોક નંબર: ૯૧, જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૦-૭૬-૧૪, આકાર રૂ.૯.૪૪ પૈસા** વાળી જુની શરતની જમીનના મુળ માલીક/ખેડુત/કબજેદાર/ તરીકે **૧. રામુબેન રાજેશભાઈ ભાયાણી, ૨. વિનોદભાઈ રાજેશભાઈ ભાયાણી, ૩. રમેશભાઈ રાજેશભાઈ ભાયાણી, ૪. રેખાબેન રાજેશભાઈ તે નીતેશભાઈના પત્ની, ૫. સરસ્વતીબેન રાજેશભાઈ તે જીતેન્દ્રભાઈના પત્ની જેઓ તમામ રહેવાસી: સુરત, તા. સુરત સીટી, જી. સુરતના,** તેઓના સ્વતંત્ર/સયુંકત માલીકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટવાળી, તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અમારા અસીલ સદરહુ જમીન ખરીદ કરવાનો ઈરાદો ધરાવે છે. સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોઈ તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખીતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની અમારા અસીલ સદરહુ જમીનના માલિકો પાસેથી કાયદેસરના લખાણો/દસ્તાવેજ કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કાંઈપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**અમારી મારફત - સમીરસિંહ બી. ઘરીયા - એડવોકેટ**
**લક્ષ્મી રેસીડન્સી બીજો માળ, કામરેજ ચારરસ્તા, જી. સુરત.**
**(મો.) ૯૯૧૩૪-૩૧૬૫૦**

**એક જ વ્યક્તિ હોવા અંગે જાહેરાત**

મારું નામ જગજીતકૌર રંધાવા છે અને દસ્તાવેજોમાં એ જ નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ મારા એક્સપાયર્ડ પાસપોર્ટમાં મારું નામ જગજીતકૌર હરમેન્દ્રસિંહ દુગ્ગલ દર્શાવવામાં આવ્યું છે. તેથી, જગજીતકૌર રંધાવા અને જગજીતકૌર હરમેન્દ્રસિંહ દુગ્ગલ એક જ વ્યકિત છે એટલે કે હું પોતે. મારું સાચું અને ખરું નામ જગજીતકૌર રંધાવા છે.

સરનામું -: E-2/13, ટાવર E-2, આર. કે. કાઉન્ટી, તવરા રોડ, ઝાડેશ્વર, ભરૂચ-392011, ગુજરાત,ભારત.


Milano MULTIPLEX

**બારડોલી**

| |
|---|
| Son Of Sardar-2 - 11:00am, 03:00pm, 06:00pm, 09:30pm |
| Dhadak 2 - 10:00am, 05:00pm |
| Saiyaara - 01:00pm |
| Mahavatar Narasimha - 12:00pm, 09:00pm |
| Udaipur files - 02:00pm |
| Vishwaguru- 07:00pm |
| Maharani- 04:00pm |
| Saamrajya - 10:00pm |

**Ph:- 02622-230068**

*Movie schedule and timings are subject to change without any prior notice

**સંપર્ક: 98791 33333**

